દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫

પ્રાચીન કલાકૃતિઓ, ઐતિહાસિક વસ્તુઓની તસ્કરીઃ એક વૈશ્વિક સમસ્યા

ફ્રાન્સની રાજધાનીના શહેર પેરિસમાં આવેલ વિશ્વ વિખ્યાત લુવ્રે મ્યુઝિયમમ સમ્રાટ નેપોલિયનના સમયના મૂલ્યવાન ઘરેણાઓની ચોરી થઇ જતાં ખળભળાટ મચી ગયો છે. આ ઘરેણાઓનું મૂલ્ય લાખો ડોલર જેટલું થાય છે. આ સનસનાટીભરી ચોરી પછી આ મ્યુઝિયમને મુલાકાતીઓ માટે હંગામી ધોરણે બંધ કરી દેવાયું હતું. આ ઘટના સ્થાનિક સમય પ્રમાણે ગયા રવિવારે સવારે સાડા નવ વાગ્યાના સુમારે બની હતી જ્યારે મ્યુઝિયમ મુલાકાતીઓ માટે ખુલવાની તૈયારીમાં હતું. ચોર ટોળકી પોતાની સાથે હાઇડ્રોલિક સીડી વાળી એક ક્રેઇન લાવી હતી. મ્યુઝિયમની એપોલો ગેલેરી વાળા ભાગ તરફ તેઓ સીડી લઇ ગયા હતા જ્યાં હાલ સમારકામ ચાલી રહ્યું છે. તેઓ ક્રેઇન લઇને તે તરફ ગયા છતાં સંગ્રહસ્થાનના તે ભાગમાં સમારકામ ચાલતું હોવાને કારણે દેખીતી રીતે કોઇને તેમના પર શંકા ગઇ ન હતી. તેઓ હાઇડ્રોલિક સીડી પરથી ઝડપભેર ઉપર ચડીને પોતાની પાસેના ડિસ્ક કટર વડે બારીના સળિયા કાપીને અંદર પ્રવેશ્યા હતા અને એપોલો ગેલેરીમાં મૂકેલ નેપોલિયન એન્ડ ધ એમ્પ્રેસ નામના સંગ્રહમાંથી નવ ઐતિહાસિક ઘરેણાઓ ચોરીને થોડી જ મિનીટોમાં ફરાર થઇ ગયા હતા. ચોરાયેલી વસ્તુઓમાંથી એક વસ્તુ બાદમાં મ્યુઝિયમના દરવાજા પાસેથી મળી આવી હતી જે મહારાણીનો તાજ હોવાનું માનવામાં આવે છે જે તૂટી ગયો છે. ચોરી કરીને ભાગતા ચોરોના હાથમાંથી તે પડી ગયો હોવાનું માનવામાં આવે છે. આ મ્યુઝિયમમાં ભારે સુરક્ષા વ્યવસ્થા હોય છે છતાં ખૂબ ચાલાકીપૂર્વક કરવામાં આવેલી આ ચોરી વિશ્વભરમાં ચર્ચાનો વિષય બની છે. લુવ્રે મ્યુઝિયમમાં અનેક મૂલ્યવાન કલાકૃતિઓ છે, એક જ દિવસમાં સરેરાશ 33000 કરતા વધુ મુલાકાતીઓ આ મ્યુઝિયમમાં આવે છે. વિશ્વના અન્ય કોઇ મ્યુઝિયમમાં આટલા બધા મુલાકાતીઓ આવતા નથી. આ સંગ્રહસ્થાનમાં મહાન ચિત્રકાર લિયોનાર્ડો વિન્સીની પ્રખ્યાત કલાકૃતિ મોનાલિસા સહિત અનેક કલાકૃતિઓ અને વસ્તુઓનો સંગ્રહ છે. તેમાં અનેક ચિત્રો, શિલ્પો અને પુરાતન વસ્તુઓ છે જેમાં પ્રાચીન મેસેપોટિયા અને ઇજિપ્તની સંસ્કૃતિના સમયની વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. લૂવ્રે મ્યુઝિયમમાં ચોરી અને લૂંટના પ્રયાસનો લાંબો ઇતિહાસ છે. સૌથી પ્રખ્યાત ઘટના 1911 માં બની જ્યારે મોના લિસા તેની ફ્રેમમાંથી ગાયબ થઇ ગઇ હતી, જે વિન્સેન્ઝો પેરુગિયા દ્વારા ચોરી લેવામાં આવી હતી, જે મ્યુઝિયમનો જ એક ભૂતપૂર્વ કર્મચારી હતો જે મ્યુઝિયમની અંદર છુપાઇ ગયો હતો અને તેના કોટ હેઠળ પેઇન્ટિંગ સાથે બહાર નીકળી ગયો હતો. તે ચિત્ર બે વર્ષ પછી ફ્લોરેન્સમાં મળી આવ્યું હતું - એક એપિસોડ જેણે લિયોનાર્ડો દા વિન્સીના પોટ્રેટને વિશ્વની સૌથી જાણીતી કલાકૃતિ બનાવવામાં મદદ કરી હતી. 1983 માં, લૂવ્રેમાંથી નવજાગૃતિ યુગના બે બખ્તરના ટુકડા ચોરાઇ ગયા હતા અને લગભગ ચાર દાયકા પછી જ તે મળી આવ્યા હતા. પ્રાચીન કલાકૃતિઓ, ઐતિહાસિક અને એન્ટિક વસ્તુઓની ખૂબ ઉંચી કિંમત આવે છે તેથી ભેજાબાજ ચોરો આવી વસ્તુઓ પર ઘાપ મારવા તત્પર હોય છે અને કાળજીપૂર્વક યોજનાઓ ઘડીને પછી ચોરી કરતા હોય છે.

કલાકૃતિઓની ચોરી અને લૂંટ એ એક વૈશ્વિક મુદ્દો છે જેમાં ઉચ્ચ મૂલ્યની વસ્તુઓની મોટા પાયે, સંગઠિત લૂંટ અને પુરાતત્વીય સ્થળોની ગેરકાયદેસર લૂંટનો સમાવેશ થાય છે. હાલના મુખ્ય ઉદાહરણોમાં 2025 માં લુવ્રે મ્યુઝિયમમાં શાહી ઝવેરાતની ચોરી અને 1990 માં ઇસાબેલા સ્ટુઅર્ટ ગાર્ડનર મ્યુઝિયમની ચોરીનો સમાવેશ થાય છે, જે ઇતિહાસમાં સૌથી મોટી કલા ચોરીઓમાંની એક છે. પુરાતત્વીય લૂંટ વારસાથી સમૃદ્ધ વિસ્તારોમાં વ્યાપક છે, અને તે ઘણીવાર રાજકીય અસ્થિરતા, સંઘર્ષ અથવા આવકના સ્ત્રોત તરીકે જોડાયેલી હોય છે. મૂલ્યવાન કલાકૃતિઓ કે કિંમતી વસ્તુઓની મ્યુઝિયમોમાંથી કે અન્યત્રથી ચોરી કે લૂંટના કેટલાક જાણીતા બનાવો આ મુજબ છે. (2025): માસ્ક પહેરેલા ચોરોએ ટ્રક-માઉન્ટેડ લિફ્ટનો ઉપયોગ કરીને એપોલો ગેલેરીમાં ઘૂસી ગયા અને દિવસે દિવસે એક હિમતભેર લૂંટમાં ઐતિહાસિક શાહી ઝવેરાત ચોરી કરી. ઇસાબેલા સ્ટુઅર્ટ ગાર્ડનર મ્યુઝિયમ ચોરી (1990): સૌથી મોટી અને સૌથી કુખ્યાત કલા ચોરીઓમાંની એક, 13 કૃતિઓ જેની કિંમત 100 મિલિયન ડોલરથી વધુ છે તે ચોરાઇ ગઇ હતી, અને આ કેસ હજુ પણ ઉકેલાયેલ નથી. એન્ટવર્પ ડાયમંડ હેઇસ્ટ (2003) તરીકે ઓળખાતા બનાવમાં ચોરોએ સુરક્ષિત તિજોરીમાંથી હીરા અને અન્ય કિંમતી વસ્તુઓની ચોરી કરી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, નાઝીઓએ અસંખ્ય કલાકૃતિઓ લૂંટી લીધી, જેમાં રાફેલનું પોટ્રેટ ઓફ અ યંગ મેનનો સમાવેશ થાય છે, જે યુદ્ધના અંત પછી ગુમ થઇ ગયું છે. ઘેન્ટ અલ્ટારપીસ ચોરી (૧૯૩૪)મા પ્રાચીન વેદીના બે પેનલ ચોરાઇ ગયા હતા, અને માત્ર એક જ મળી આવ્યું છે.

આપણા ભારતમાં તો પ્રાચીન કલાકૃતિઓનો સમૃદ્ધ વારસો છે. અહીંથી પણ ખાસ કરીને અંગ્રેજોના સમયમાં અનેક પ્રાચીન કલાકૃતિઓ અને ઐતિહાસિક મૂલ્ય ધરાવતી વસ્તુઓ વિદેશોમાં પગ કરી ગઇ હતી. વર્તમાન સરકારે સરાહનીય પ્રયાસો દ્વારા વિદેશોમાંથી આવી અનેક વસ્તુઓ પાછી મેળવી છે અને હજી કેટલીક મેળવવી પડશે. પ્રાચીન કલાકૃતિઓની ચોરી, લૂંટ કે ગેરકાયદે હેરાફેરી અટકાવવા કડક કાયદા ઉપરાંત વિશ્વભરના દેશો વચ્ચે સહકાર અને સંકલન જરૂરી છે.

શ્રેષ્ઠતાને નમન

એક નાનકડા ગામમાં સરકારી સ્કૂલમાં એક નવા માસ્તરજી આવ્યા. આખું ગામ માસ્તરજીના નામે જ ઓળખતું. તેમનું નામ હતું અવિનાશ. અવિનાશ માસ્તરજીએ પોતાનું જીવન શિક્ષણને સમર્પિત કર્યું હતું અને તેમના વિચારો ખૂબ ઉચ્ચ હતા.

રોજ સવારે તેઓ વિદ્યાલય જવા નીકળતા ત્યારે રસ્તામાં જે મળે તે બધાને ઝૂકીને પ્રણામ કરતા, પછી તે દૂધવાળો હોય કે ઝાડુવાળો હોય કે ચોકીદાર હોય કે પોતાની શાળામાં ભણતો નાનકડો છોકરો હોય. દરેકે દરેકને તેઓ હસીને નમસ્કાર કરતા. ઝૂકીને પ્રણામ કરતા. આવું તેઓ હંમેશા અને રોજ બધાની સાથે કરતા.ગામના બધાં લોકોને નવાઈ લાગતી કે માસ્તરજી તો મોટા કહેવાય. આપને તેમને પ્રણામ કરવા જોઈએ. તેને બદલે તેઓ બધાને નમન કરતા રહે છે. આમ કેમ કરતા હશે.

ગામના ચોકમાંથી પસાર થતાં અવિનાશ માસ્તરજીએ ચોકમાં બેઠેલાં વડીલોને પણ પ્રણામ કર્યા. એક વડીલે હસતાં હસતાં કહ્યું, '' અરે, માસ્તરજી તમે તો માસ્તરજી છો ... શિક્ષક છો અને શિક્ષક તો પૂજનીય હોય. તમે શું કામ બધાને ઝૂકી ઝૂકીને પ્રણામ કરો છો? તમારું સ્થાન તો ગુરુનું છે તમારી સામે તો બધા જ તમારાથી નાના છે.''

અવિનાશ માસ્તરજીએ હસીને જવાબ આપ્યો, '' વડીલ,કોઈ મોટું... કોઈ નાનું નથી હોતું...અને હું બધાને ઝૂકીને પ્રણામ કરું છું તેનું એક ખાસ કારણ છે.'' બીજા વડીલે પૂછ્યું, '' એવું તે શું ખાસ કારણ છે કે તમારે ગુરુ થઈને બીજાને પ્રણામ કરવા પડે છે?'' અવિનાશ માસ્તરજી બોલ્યા, ''હું માનું છું કે મારી સામે જે વ્યક્તિ છે તેની પાસે કંઈક ને કંઈક એવું ચોક્કસ છે જેમાં તે મારાથી શ્રેષ્ઠ છે. કોઈ મહેનતમાં મારાથી વધુ શ્રેષ્ઠ છે, કોઈ સહનશીલતામાં મારાથી વધુ શ્રેષ્ઠ છે, કોઈ સાદગીમાં મારાથી વધુ શ્રેષ્ઠ છે, કોઈના વિચારો મારાથી વધુ સારા છે... તેની ઉંમર નાની હોય.. તેનું પદ નાનું હોય ભલે પણ તે કોઈક ને કોઈક બાબતમાં તો મારાથી શ્રેષ્ઠ છે જ અને હું તે વ્યક્તિમાં રહેલી શ્રેષ્ઠતાને પ્રણામ કરું છું. આવડત અને ગુણને નમન કરું છું.'' વડીલોને માસ્તરજીનો જવાબ બહુ ગમ્યો. બધા વડીલોએ ઊઠીને માસ્ટરજીને માથું નમાવીને નમસ્કાર કર્યા અને પછી તો ધીમે ધીમે આખા ગામમાં દરેકે દરેક જણ એકબીજાને નમીને નમસ્કાર કરે તેવું વાતાવરણ થઈ ગયું. સામેવાળામાં રહેલી શ્રેષ્ઠતાને નમન હંમેશા કરવું અને સદા વિનમ્ર રહેવું એ જીવનનું સૌથી મોટું આભૂષણ છે. દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ ગુણ આવડત શોધીને તે બાબતને પ્રણામ કરવા બહુ જરૂરી છે.

સ્વચ્છતા અભિયાનની નિષ્ફળતા સાથે ઊગે છે ગુજરાતી નવા વર્ષનું પ્રભાત

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

સુધારવું પડશે સરકારે અને લોકોએ બન્નેએ. ઘરના કચરા ને જૂનાં માટીનાં વાસણોને યોગ્ય રીતે નિકાલ કરવાનું રાખો. નવા વર્ષે રસ્તા ઉપર મૂકી દેવાની ટેવ બંધ કરો. દરેકે પોતાના આંગણામાં જે ફટકડા ફોડ્યા હોય તેનાં ખોખાં કે કરચો ભેગી કરીને ઢગલો જાતે જ કરી રાખવો જોઈએ

વિક્રમ સંવત ૨૦૮૨ ની હાર્દિક શુભેચ્છાઓ. આમ તો નવું વર્ષ આવે એટલે ઘર, ફળિયાં અને શહેર ચોખ્ખાં થાય. શણગાર થાય, રોશનીથી ઝગમગી ઊઠે! પણ ગુજરાતમાં નવી શહેરી વ્યવસ્થામાં નવા વર્ષનું પ્રભાત વ્યાપક કચરો અને ગંદકીથી શરૂ થાય છે અને શહેરની સ્વચ્છતાના ચારે બાજુ ચીંથરાં ઊડી જાય છે. ચારે બાજુ પથરાયેલા ફટાકડાના ફુરચા એ ખરેખર તો આપણી જાહેર નિસ્બતના ફુરચા છે. સફાઈ એ આપણી પ્રાથમિકતા જ નથી. અત્યંત આધુનિક ઉપકરણો વાપરતી પ્રજા પરમ્પરાવાદી અને જડ છે એટલે નવા વર્ષના પ્રભાતે બધા જ પોતાના ઘરના જુના માટલા ચાર રસ્તા પર મૂકી આવે છે અને તોફાની બારકસો આ જ માટલામાં બોમ્બ મૂકી ફોડે છે અને ચારે તરફ માટલાની કરચો ઊડે છે. અનેકનાં માથાં ફૂટવાના બનાવ પણ બને છે પણ વિકૃત આનંદ લેનારાં આ જોઈને પણ હસતાં હોય છે. આવી બેદરકારીથી ફટાકડા ફોડવાની ના પાડવાના કારણે થયેલા હિંસક બનાવોમાં પંદર જણાએ જીવ ગુમાવ્યા છે તે નવા વર્ષની હિંસક બોણી છે. હવે આપણા યુવાન ગૃહમંત્રી કેવાં કડક પગલાં લે છે તે તો નવું વર્ષ જ બતાવશે.

સફાઈ અભિયાન એ વડા પ્રધાન શ્રીનું એક મોટું અભિયાન હતું. જો કે તે જાહેરાતના ફોટાની બહાર કદી નીકળ્યું જ નહીં. ભારતના આર્થિક, સામાજિક વિકાસને અવરોધનારું મોટું પરિબળ એ કામની જાતિ આધારિત અને જ્ઞાતિ આધારિત વહેંચણી છે. આ કામ ભાઈઓનું અને આ કામ બહેનોનું. આ કામ સવર્ણ કરે અને આ કામ અવર્ણ કરે. દલિતોને મંદિરમાં પ્રવેશવા નથી દેતાં તે કરતાં પણ મોટી વાત એ છે કે એક પણ ઉચ્ચલી જ્ઞાતિનો વ્યક્તિ જાહેર સફાઈ માટે સાવરણી હાથમાં નહીં પકડે તે છે. આખી સોસાયટીમાં ગટરનાં પાણી ફેલાય પણ કોઈ માઈનો લાલ તેમાં સળી માત્ર નહીં કરે. ભારતમાં ઘરની સફાઈ સ્ત્રીઓએ જ કરવાની અને જાહેર સફાઈ દલિતોએ જ કરવાની એ રૂઢિ એકવીસમી સદીનાં પચ્ચીસ વર્ષ પછી પણ ચાલુ જ છે. એટલે દિવાળી પહેલાંની ઘરની સફાઈ માત્ર બહેનોની જવાબદારી અને દિવાળી પછી ગંદા થયેલા આખા શહેરને સાફ કરવાની જવાબદારી માત્ર સફાઈ કામદારોની. એટલે આપણે સૌ દિવાળી પછી જો સફાઈ કામદારોને બોણી આપીએ છીએ તો તે બોણી કે બોનસ નથી. આપણે સર્જેલા વ્યાપક કચરાને સાફ કરવાનો ઓવરટાઈમ ચૂકવીએ છીએ.સુધારવું પડશે સરકારે અને લોકોએ બન્નેએ. ઘરના કચરા ને જૂનાં માટીનાં વાસણોને યોગ્ય રીતે નિકાલ કરવાનું રાખો. નવા વર્ષે રસ્તા ઉપર મૂકી દેવાની ટેવ બંધ કરો. દરેકે પોતાના આંગણામાં જે ફટકડા ફોડ્યા હોય તેનાં ખોખાં કે કરચો ભેગી કરીને ઢગલો જાતે જ કરી રાખવો જોઈએ જેથી કચરાની ગાડી આવે તો સરળતાથી તે લઈ જાય.

આજે દુનિયા આપણને જોઈ રહી છે. ઈવન આપણાં સંતાનો પણ પરદેશથી પાછાં આવે છે ત્યારે આપણી ટીકા કરે છે કે આવી ગંદકી હવે તો ના કરો. સ્કૂલમાં રામાયણ ભણાવો, મહાભારત ભણાવો, યોગ, લશ્કરી તાલીમ ફરજીયાત કરોના નારા વચ્ચે નાગરિક શાસ્ત્ર ભણાવો એ નારો સંભળાતો નથી. હવે તો ગામડાં પણ પ્લાસ્ટીકના કચરાથી ઉભરવા લાગ્યા છે. પહેલાં ગામડું એટલે ચોખ્ખું એવી છાપ હતી પણ હવે તો દરેક ગામના પાદરમાં પ્લાસ્ટીકના ઝભલાના ઉકરડા હોય છે.

સફાઈ અભિયાન માત્ર સરકારી કાર્યક્રમ અને નેતાઓના ફોટા પૂરતો મજાક બની ગયો છે. આ નવા વર્ષમાં આપણે તેને ખરા અર્થમાં સફળ બનાવીએ. સફાઈ ના કરો તો કાંઈ નહિ ગંદકી તો ના કરો!

આટલી સાદી વાત આપણે સમજતાં નથી. આવું કેમ? કારણકે જાહેર ગંદકી માટે આપણને સૂગ નથી, નિસ્બત નથી, રાષ્ટ્રને ચોખ્ખું રાખવું તે પણ રાષ્ટ્રપ્રેમ જ છે તેવી સાદી વાત આપણને સમજાતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

સંવત બદલાય તો જ વસંત આવે..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

પૃથ્વીના પરિભ્રમણ પ્રમાણે, પંચાગમાં up-date તો આવવાનું. દુખ એ વાતનું છે કે, માણસમાં આવતું નથી. બાકી સંવત અને વસંત બંને એક સિક્કાની બે બાજુ છે..! ભગવાન આપણી કેટલી કાળજી રાખે યાર..? નવા વર્ષમાં શું કાંદો કાઢવાના છો, એનું ચિંતન કરવા એક ખાલી દિવસનો 'ધોકો' પણ આપે. પણ 'ચલતીકા નામ ગાડી' પ્રમાણે જીવવાની આદત પડી ગઈ હોય, એને સંવત પણ શું અને વસંત પણ શું..? ધોકાના દિવસે પણ ધોકાબાજી કરે..! પછી તો, જેવી આકૃતિ તેવા પડછાયા..! લોકો ચૂક દસ્તાવેજ કરાવે એમ, ચમન-ચલ્લીએ સગા સંબંધી ને મિત્રોને નુતન વર્ષના શુભેચ્છા કાર્ડ રવાના કર્યા પછી, બીજો એક 'ચૂક-શુભેચ્છા કાર્ડ' પણ બે દિવસ પછી રવાના કર્યો..! ' કે. ગઈ સંવતમાં મારા તરફથી જાણતા અજાણતા કોઈ તકલીફ પડી હોય ને, કોઈને 'ચચરી' આવ્યું હોય તો માફ કરશો. સાથે ચેતવણી આપવાની કે, આ વર્ષે પણ તૈયાર રહેજો. માત્ર સંવત બદલાય છે, હું બદલાતો નથી..!' તારા કપાળમાં કાંદા ફોડું...! દોસ્ત ,બુઝર્ગો સાચું જ કહી ગયેલા કે, બધા જ નાળિયેરનાં કિસ્મતમાં મંદિર હોતું નથી. કેટલાંક ઠાઠડી સાથે બંધાયને સ્મશાનમાં પણ જાય..!

લોકોને આદત પડી ગઈ છે બોસ..! મંદી લાધે ત્યારે જ મંદિરે જવાનું...! ત્યાં સુધી ભગવાને પણ જાતકના દર્શન માટે Waiting list માં રહેવાનું. દુનિયાનો દસ્તુર છે કે, જે વસ્તુ મફતમાં મળી હોય એની જગતને કીમત ના હોય..! જિંદગીનું પણ એવું જ ..! સારું છે કે, ભગવાન સુધી 'ટ્રમ્પદાદા' ની દાદાગીરી પહોંચતી નથી. નહિ તો ભગવાન જેવા ભગવાન પણ જનમ-મરણ ઉપર ઉપર 'ટેરીફ' નાંખે..! આ તો એક વાત થાય છે..! મફતના મરી ભલે તીખા નહિ લાગતા હોય, પણ જિંદગી મધુરી છે, છતાં અમુકને તીખી લાગે. મૃત્યુનું પણ 'પ્રિમેચ્યુર' કરી નાંખે..! એક ભાઈએ ભગવાનને પ્રાર્થના કરી કે, "મને દુખી જ કરવો હતો તો ધરતી ઉપર મોકલ્યો શું કામ..? તું મને તાત્કાલિક પાંચ લાખની સગવડ કરી આપ..! નહિ તો હું ભગવાન બદલી નાંખું છું..!" ભગવાન પણ એનાથી ત્રાસેલા જ હતા. તેમણે આકાશવાણી કરી કે, " તારા માટે પાંચ લાખ તૈયાર જ રાખ્યા છે, ઉપર આવીને તાત્કાલિક લઈ જા..!"

આપણને બધાને ખબર છે કે, ભગવાને પશુઓને આડા બનાવ્યા. છતાં સીધા ચાલે, ને માણસને સીધો બનાવ્યો તો આડો ચાલે..! પંખીઓ એક એક સળી ભેગી કરીને માળો બનાવે, ને માણસ સળી કરી-કરીને કોઈના માળા વિખેરી નાંખે..! એટલે તો ભગવાને પણ કામણ કરીને, દિલ કરતા દિમાગને છૂટો દોર આપ્યો. સોના ચાંદીની માફક લોકો અનાજનો સંગ્રહ નહિ કરે એ માટે, અનાજમાં કીડા પેદા કર્યા. મૃત્યુ પછી શરીરમાં દુર્ગંધ નાંખી. સંકટ સમયે રડવાનું, અને સમય વીતે એટલે ભળી જવાની માયાજાળ નાંખી. ક્ષણે ક્ષણે આશા-નિરાશા અને અંધકાર ની ઓળખ આપી. કમ સે કમ લોકોને થાય જિંદગીની કીમત તો સમજાય..? શીઈઈટ... મારે કોઈને ભગવા પહેરાવવા નથી. પણ એક વાત સત્ય છે કે, જ્યારથી માણસ હસવાનું ભૂલી ગયો છે ત્યારથી, એની હાલત પુજારી વગરના મંદિર જેવી થઈ ગઈ. દેવી-દેવતાઓના વાહનો ખેંચાય ગયા હોય એમ, માણસ હવે ઉદાસી અનુભવે છે. આપણે જાણીએ કે, ગણપતિબાપાની મહાકાયા સામે, ઉંદરડુ ઉંગટમાં પણ કામ નહિ આવે, છતાં એ બંને પરસ્પરની એક શોભા છે. એમ, માણસ ભલે ચાણક્ય જેવો બુદ્ધિશાળી હોય, પણ ચહેરા ઉપર હાસ્ય ના હોય તો, એ રાધા વગરના કૃષ્ણ જેવો છે. હાસ્ય તો કુદરતની ભેટ છે. જે માત્ર માણસને મળેલી છે. હાસ્યને દિમાગ કરતા દિલ સાથે લેણાદેણી વધારે હોય. જે લોકો દિલને હાંસિયામાં રાખીને, દિમાગ સાથે કુસ્તી કરે છે, એમની હાલત ઉડી ગયા બલ્બ જેવી છે..! હાસ્ય તો સૌભાગ્યકાંક્ષી નારીનું મંગલસૂત્ર છે. કોઈ કવિએ સાચું જ કહ્યું છે કે,

આજકલ રિશ્તોમેં લોગ ઇસ તરહ આગ લગા દેતે હૈ
પહેલે દિલ લગાતે હૈ, ફિર દિમાગ લગા દેતે હૈ

માણસ છે ભાઈ..! પાંચ તત્વોનો આસામી હોવાથી, કંઈ પણ કરે..! ગમતા ભગવાનને ભાડે પણ રાખે ને, લાભ મળતો હોય તો,, ધર્મ પણ બદલે..! આસ્થા-અવસ્થા અને વ્યવસ્થા, એ પોતે બનાવેલા પોતીકા સ્ટેશન છે. જિંદગીના આ ત્રણ મહત્વના સ્ટોપેજ પકડીને જ એમની ટ્રેન સુખ દુખના પાટાઉપર Up-down કરતી હોય. આ લોકોના માનસ પણ એવા ભોળા કે, દુઃખને પછાડવા પરસેવો પાડે, પણ પર-સેવાની વાત આવે તો અલક-ચલાણી કરે ..! એ ભૂલી જાય કે, માત્ર મને જ સુખી થવા માટે નહિ, પણ લોકોને સુખી કરવા માટે પણ ભગવાને મને પાર્સલ કરેલો છે..! આ જિંદગી કોઈ રેડીમેઈડ રેસીપી નથી, કે, બે મીનીટમાં અવળું હોય તે સવળું થઈ જાય. જિંદગી તો એવી જીવાય કે, જ્યાં ઉભો હોય ત્યાં તીર્થ બને, અને મેળો લાગી જાય. કોઈને નડું એના કરતા હું સૌને અડું એ બદલાતી સંવતનો સંદેશ છે. તમે મેળામાં વેચાતા પૂંઠાવાળા કેલેન્ડર તો જોયા હશે. સવાર ઉગે એટલે, પૂંઠાવાળા કેલેન્ડરનાદટ્ટાનું એ ક પાનું ફાટે. પછી ભલે એ

તહેવારનું પાનું હોય, જનમ દિવસનું હોય કે, કોઈ સ્વજનના મરણનું હોય. દિવસ બદલાય તેની સાથે દટ્ટાનું પાનું પણ બદલાય. દટ્ટાનો પ્રવાસ દિવાળીના છેલ્લા દિવસ સુધીનો જ..! દિવાળીનું છેલ્લું પાનું ફાટી જાય એટલે, શરીરમાંથી આત્મા ગતિ કરી ગયો હોય એમ દટ્ટાનું પણ નિધન થાય. છેલ્લે રહી જાય દીવાલ ઉપર ટાંગેલુ દેવી દેવતાના ફોટાવાળું પૂંઠું..! જે મૌન ભાષામાં કહેતું હોય કે, અંતે તો ઈશ્વર ઉપર જ સૌ આધારિત છે..! આપણી જિંદગી પણ આ કેલેન્ડરના દટ્ટા જેવી છે મામૂ..!

સંવત બદલાય પણ માણસના મલીન વિચારો નહિ બદલાય તો સંવતનું બદલાવું એળે ગયું કહેવાય. એક મઝેની વાત કરું..? ચમન-ચલ્લીએ નુતન વર્ષની પ્રવાસ' મહાદ અંશે સવારનો હોય. સવાર પડે એટલે 'અલખ નિરંજન' કરીને હાજરા હજૂર થઈ જાય..! એને ખબર કે, પહેલા પ્રહરમાં માનવીની અવસ્થા ગુલાબી અને દયાભાવવાળી હોય..! પ્રત્યેક માણસ સવારમાં માણસની જ ભૂમિકામાં અને વિશાળ હૃદયનો હોય..! એને ભિક્ષુકમાં પણ ભગવાન દેખાય. દયા-દાન-ધર્મ અને ઉપકારના ઝરણાઓ સવારમાં જ ધોધમાર ફૂટે એની એને ખબર..! પછી જેમ જેમ માથે સુરજ ચઢતો જાય, એમ માનવીના મિજાજ બદલાતા જાય. માણસ બાફેલા વેંગણ જેવો થઈ જાય..! એમાં વાઈફ સાથે પણ બગડ્યું હોય તો, ભિક્ષુકને ધોઈ નાંખે..!

એની જાતને ખબર નહી કેમ, પણ હસતા રહેવાને બદલે, બાબરવંશના શિલાલેખ જેવાં ચહેરા લઈને લોકો શું કામ ફરતા હશે..? બે-ચાર વેકેશન ભેગા કરીને ભગવાને સુંદર ચહેરો આપ્યો હોય તો, ચહેરાને સ્વસ્તિક જેવો રાખો, ચોકડી શું કામ બનાવતા હશે..? ભીંત ઉપર કરોળિયા ફરી વળ્યા હોય, એવો ચહેરો જોઈને ક્યારેક તો એમ થાય કે, 'આ ભાઈની વાઈફે ક્યારેય એની પાસેથી ' I love you ' નાં સાંભળ્યું હોય..!'

દાદૂ, માનવીએ મોરના પીંછા ભલે ધારણ કર્યા હોય, પણ જેના ચહેરા હસતા નથી, એ લોકો ખુણામાં ઊંઘતા માંદા મરઘા જેવા છે. બદલાતી સંવતની ગમે એટલી શુભેચ્છા આપો, પણ એમનામાં વસંત નહિ આવે..! ત્યારે આપણને ટેન્શન એ વાતનું આવે કે, ગાય-ભેંસનું દૂધ કાઢવાના મશીન શોધાયા, પણ આવાં પરપોટાઓને હસાવવાના મશીન ક્યારે શોધાશે...? હે વાંચક..! તમને એવું નથી લાગતું કે, રસીકરણ કરતાં હવે 'હસીકરણ'ની તાતી જરૂરિયાત છે..?

લાસ્ટ બોલ

દિવાળી પૂરી થઇ. સાલમુબારક પણ પતી ગયું. મમરાનો ડબ્બો ખોલીને મોબાઈલમાં આવેલા નુતન વર્ષના સંદેશા વાંચતો હતો. ત્યાં મમરાએ કહ્યું. "આવી ગયો ને તારી ઔકાત ઉપર..?' અઠવાડીયાથી રોજ કાજુકતરી અને હલવા ખાતો હતો. મારા તરફ જોતો પણ નહિ હતો. બધું સુપડા સાફ થયું ત્યારે આવ્યો..! યાદ રાખ, તારા જીવનના કાયમના સુખ દુખના સાથી અમારા જેવા મમરા જ છે..! તારા કપાળમાં કાંડા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

શહેરોમાં પ્રદૂષણની સમસ્યા માટે દિલ્હી જેવા નિયત્રંણોની જરૂર

દિવાળી બાદ દેશના અનેક મોટા શહેરોમાં વાયુ પ્રદૂષણને કારણે સ્થિતિ કફોડી બની છે. દેશની રાજધાની દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ 500 ને પાર નોંધાઈ હતી. કમિશન ફોર ક્વોલિટી મેનેજમેન્ટે દિલ્હી NCR રીજનમાં ''ગ્રેડેડ રિસ્પોન્સ એકશન પ્લાન'' ના પ્રથમ તબક્કા હેઠળ વિવિધ નિયત્રંણ લાવ્યા હતા. જે નીચે મુજબ છે.

- ડસ્ટ (ધૂળના રજકણો), વાહનો અને ઉદ્યોગો દ્વારા ફેલવાતા હવાના પ્રદૂષણને રોકવા વિવિધ પગલાં લેવાશે.

- બાંધકામ અને ઈમારતના તોડકામના દરેક સ્થળે ધૂળના રજકણો(ડસ્ટ) ના હવામાંના ફેલાવવા પર નિયત્રંણ રાખવું પડશે.

- બાંધકામનો જે પ્રોજેક્ટ 500 (પાંચસો) ચોરસ મીટર કરતાં વધું વિસ્તારમાં હશે, ત્યાં ''ડસ્ટ મેનેજમેન્ટ પ્લાન'' માટે મંજૂરી લેવી પડશે.

- જાહેરમાં કચરો, પાંદડા જેવી ચીજો સળગાવી નહીં શકાય.

- રોડની બાજુમાં ફૂડ સ્ટોલ કે ધંધાકારી રસોડામાં ચૂલા માટે કોલસા કે લાકડા વાપરી નહીં શકાય.

- હોટેલ્સ, રેસ્ટોશં અને જાહેરમાં ખાદ્ય સામગ્રી, વેચનારા - ઓએ માત્ર ઈલેક્ટ્રીસિટી, ગેસ કે સ્વચ્છ ઈંધણથી જ રાંધવું પડશે.

- ડીઝલ જનરેટર્સ અતિઆવશ્યક સેવા સિવાય વાપરી નહીં શકાય.

- વાહનો જાહેવાનું પ્રદૂષણ ફેલાવતા હશે, તો તેઓને દંડ કરાશે.

દિલ્હી ઉપરાંત મુંબઈ, કોલકાતા, લખનઉ વગેરે મોટા શહેરોમાં પણ દિવાળી પછી પ્રદૂષણ વધ્યું હતું માટે આ નિયત્રંણો લાદવાની તાતી જરૂર છે.

પાલનપુર. મહેશ વી. વ્યાસ

ધર્મ એ માનવ જરૂરિયાત છે

ધર્મ કોઈ પણ વ્યક્તિની ભૌતિક જરૂરિયાતો પૂરી કરતો નથી. છતાં, ધર્મ દરેક વ્યક્તિ માટે એક આવશ્યક તત્વ છે. ધર્મ બધા માનવોને આંતરિક શાંતિ અને સભ્યતા પ્રદાન કરે છે. આંતરિક શાંતિ અને સભ્યતા બંને એવી આધ્યાત્મિક જરૂરિયાતો છે કે આ બંને વિના, લાખો લોકોનો માલિક, એક ધનવાન વ્યક્તિ પણ પ્રાણીની જેમ જીવે છે. તે માનવતાના ક્ષેત્રમાં પણ પ્રવેશી શકતો નથી. રશિયા સામ્યવાદનો કટ્ટર સમર્થક હતો અને સમગ્ર વિશ્વમાં સામ્યવાદનું નેતૃત્વ કરતો હતો. જોકે, સામ્યવાદે ધર્મને નકારી કાઢીને ગંભીર ભૂલ કરી. ધર્મના આ અસ્વીકારથી માનવ ચેતનામાં આત્મવિશ્વાસનો નાશ થયો. યોગ્ય માનવ સભ્યતાનો વિકાસ પણ થઈ શક્યો નહીં. પરિણામ એ આવ્યું કે સમગ્ર રાષ્ટ્રોનું વિઘટન થયું. સામ્યવાદને એક નિષ્ફળ વિચારધારા તરીકે સાર્વત્રિક રીતે નકારી કાઢવામાં આવ્યો. જો ધર્મને નકારી કાઢવામાં ન આવ્યો હોત તો તે ક્યારેય નિષ્ફળ ન હોત. આપણે એ પણ જાણીએ છીએ કે ધર્મનું સાચું સ્વરૂપ ઘણીવાર અસ્પષ્ટ રહ્યું છે. ધર્મના નામે, સાંપ્રદાયિક પ્રણાલીઓ અને ધાર્મિક વિધિઓ વધુ પ્રચલિત છે. આ સાંપ્રદાયિક કટ્ટરતાએ પૃથ્વી પર રક્તપા